તાપમાન
મહત્તમ : ૩૪.૦ ડીગ્રી
લઘુતમ : ૧૨.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૧ ટકા ● સાંજે ૨૦ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૩૪૪ | ૨૫ ફેબ્રુઆરી, ૨૦૧૬, ગુરૂવાર ; મહા વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## ફટાફટ ન્યુઝ

- ઉમર ખાલિદ અને અનિરબનની કઠોર પુછપરછ કરવામાં આવી
- નેપાળમાં વિમાન દુર્ઘટના થતાં તમામ ૨૩ના મૃત્યુ
- શેરબાજારમાં મંદી અકબંધ : ૩૨૧ પોઇન્ટનો ઘટાડો
- ભારતીય રેલવે વિશ્વનું સૌથી મોટું રેલવે નેટવર્ક
- પતાંજલિના પાંચ યુનિટ માટે રામદેવને ૫૪૭ એકર જમીન આપવા નિર્ણય
- પઠાણકોટ હુમલા બાદ દોઆલ-નાસીર ખાન વચ્ચે વાતચીત થઇ નથી
- સોનાની આયાતમાં ૮૫ ટકા સુધીનો થયેલો જંગી વધારો
- કર્તવ્યોનું પાલન કર્યુ છે, માફી માંગવાનો પ્રશ્ન નથી : સ્મૃતિ ઈરાની
- રેલવે બજેટમાં યાત્રીઓની સુરક્ષાને પ્રાથમિકતા મળશે

# આજે રેલવે બજેટ

**યાત્રી ભાડા, નૂરના દરો યથાવત રહી શકે છે : હાલના સંજોગોમાં રેલવે મંત્રી સુરેશ પ્રભુ ઉપર લોકલક્ષી પગલાનુ દબાણ : દુરદર્શી વિઝન માટે લોકપ્રિય રહેલા પ્રભુ તેમનુ બીજુ રેલવે બજેટ કરશે**




નવી દિલ્હી,તા. ૨૪

રેલવે પ્રધાન સુરેશ પ્રભુ સ્થિતીને સુધારાવા અને રેલવેને વધારે લોકલક્ષી બનાવવાના હેતુથી આવતીકાલે વર્ષ ૨૦૧૬-૧૭ માટેનુ રેલવે બજેટ લોકોની અપેક્ષા વચ્ચે રજૂ કરનાર છે. રેલવે બજેટમાં યાત્રીઓને અચ્છે દિનના અનુભવ કરાવવા માટે કેટલાક ખાસ પગલા જાહેર કરવામાં આવી શકે છે. રેલવે તરફ વધારે યાત્રીઓ ખેંચાય તે માટે પગલા જાહેર કરવામાં આવી શકે છે. જો કે રેલવે બજેટમાં યાત્રી ભાડા અને નુરના દરમાં કોઈ વધારો કરાય તેવી શક્યતા નહીવત છે. સાથે સાથે નુરની સ્થિતી પણ અપેક્ષા મુજબ રહી નથી. પરંતુ નવી ટ્રેનો, નવી રેલવે લાઈનો, નવા સર્વેની જાહેરાત કરે તેવી શક્યતા છે. રોકડ કટોકટીમાંથી બહાર નિકળવાના હેતુસર કેટલીક જાહેરાત થઈ શકે છે. સાથે સાથે હાલમાં પ્રાથમિકતાના પ્રોજેક્ટોને ઝડપછથી પૂર્ણ કરવાની જાહેરાત કરવામાં આવી શકે છે. સુત્રોએ કહ્યું છે કે તત્કાલ અને પ્રિમિયમ ટ્રેનોના

● અનુસંધાન પાન-૭ પર

# રેલવેમાં હવે કેટરીંગ સેવા ઉત્કૃષ્ટ બનાવાશે

નવી દિલ્હી,તા. ૨૪

રેલવે પ્રધાન સુરેશ પ્રભુ આવતીકાલે ૨૫મી ફેબ્રુઆરીના દિવસે તેમના બીજા રેલવે બજેટમાં કેટરીંગ સર્વિસ ઉપર મુખ્ય ધ્યાન કેન્દ્રીત કરે તેવી શક્યતા છે. કારણ કે હાલમાં કેટરીંગ સર્વિસને લઈને વ્યાપક ફરિયાદો ઉઠી રહી છે આવી સ્થિતિમાં ભોજનની સ્થિતિને જાહેરાત થઈ શકે છે. સ્ટેશન ઉપર સ્વસ્થતામાં પણ ધ્યાન અપાશે. મોદી સરકાર રેલવે બજેટમાં સામાન્ય પ્રવાસીઓને વધુ રાહત આપવા માટે તૈયાર છે. જુદી જુદી ટ્રેનોમાં યાત્રીઓને આપવામાં આવતા ભોજનને લઈને સતત ફરિયાદ થઈ રહી છે. નવી ટેકનલોજીનો ઉપયોગ કરીને



સુધારવા માટે પગલાં લેવામાં આવશે. રેલવે બજેટમાં કેટરીંગ સર્વિસ ઉપર ધ્યાન કેન્દ્રીત કરવા માટે ઘણા કારણો જવાબદાર છે. કારણ કે આના કારણે રેલવેની પ્રતિષ્ઠાને માઠી અસર થઈ છે. રેલવેમાં મુસાફરી કરતા લોકો દ્વારા વારંવાર રજૂઆત કરવામાં આવી છે કે રેલવે સ્ટેશન અને ટ્રેનોમાં ભોજનની જે ગુણવત્તા છે તેમાં સુધારો કરવામાં આવે તે જરૂરી છે. રેલવેને વૈશ્વિક સ્તરની સુવિધાથી સજ્જ બનાવવા માટે પગલાંઓની યાત્રીઓને તેમની પસંદગીના ભોજન મળી શકે તે માટે વ્યવસ્થા કરવામાં આવી શકે છે. આના માટે એસએમએસ સુવિધાનો ઉપયોગ કરવામાં આવી શકે છે. રેલવે પ્રધાન સુરેશ પ્રભુ છેલ્લા કેટલાક સમયથી રેલવે બજેટની તૈયારીમા લાગેલા હતા. રેલવે માટે વધારાના સંશાધન એકત્રિત કરવાના પ્રયાસ પણ કરવામાં આવી રહ્યા છે. ભારતીય રેલવેની હાલમાં નાણાંકીય સ્થિતી સારી નથી. જેથી પ્રભુ સામે કેટલાક પડકાર છે.

# સંસદમાં જેએનયુ મામલે હોબાળો

**રોહિત વેમુલા અને જેએનયુ મુદ્દે એક બીજા ઉપર પ્રહારો : દેશમાં અસહિષ્ણુતાનો માહોલ છે અને વિરોધી વિચારધારાને કચડી નાંખવાના પ્રયાસો થયા**

નવીદિલ્હી,તા. ૨૪

સંસદમાં બજેટ સત્રના બીજા દિવસે ભારે હોબાળો થયો હતો. રાજ્ય સભા અને લોકસભા બંનેમાં ધાંધલ ધમાલ થઈ હતી. લોકસભામાં પણ દલિત વિદ્યાર્થી રોહિત વેમુલાનો મામલો છવાયો હતો. જેએનયુમાં રાષ્ટ્રદ્રોહના મામલે પણ નારેબાજી થઈ હતી. રોહિત વેમુલા પર સંસદમાં બપોરે ત્રણ વાગે ચર્ચા શરૂ થઈ હતી. કોંગ્રેસે રોહિત ઉપરાંત જેએનયુ મુદ્દા પર પણ મોદી સરકાર પ્રહારો કર્યા હતા. બીજી બાજુ કોંગ્રેસના આક્ષેપોને ભાજપના સાંસદો દ્વારા જોરદાર જવાબ આપવામાં આવ્યો હતો. જેએનયુ અને હેદરાબાદ યુનિવર્સિટી સહિત ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં હાલમાં થયેલી ઘટનાઓ અંગે સંસદમાં ચર્ચાની શરૂઆત કરતા કોંગ્રેસના જ્યોતિરાદિત્ય સિંધિયાએ કહ્યું હતું કે, છેલ્લા કેટલાક સમયથી દેશમાં અસહિષ્ણુતાનો માહોલ છે. વિરોધી વિચારધારાને કચડી નાંખવાના પ્રયાસ થઈ રહ્યા છે. બંધારણીય અધિકારોને દબાવવામાં આવી રહ્યા છે. એક જ વિચારધારાને લાગૂ કરવાના પ્રયાસ થઈ રહ્યા છે. તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાન યુવાનોની શક્તિ અને યુવાઓની વાત કરે છે પરંતુ હેદરાબાદના એક વિદ્યાર્થી રોહિતને આત્મહત્યા કરવાની ફરજ પડી હતી. વડાપ્રધાન પાંચ દિવસ સુધી મૌન રહ્યા હતા. ત્યારબાદ તેમાં કેન્દ્રના પ્રધાનની

● અનુસંધાન પાન-૭ પર

# અમદાવાદના બે પાટીદારોને હાર્દિક પટેલે પારણા કરાવ્યા

**હાર્દિક પટેલને વિસનગર કોર્ટમાં લાવવામાં આવ્યો ત્યારે હાલ ઉપવાસ પર બેઠેલા બે પાટીદારોને કોર્ટ સંકુલમાં જ પારણા કરાવ્યા**

અમદાવાદ, તા.૨૪

પાટીદાર સમુદાય માટે અનામતની માંગણીને લઈને આંદોલન ચલાવનાર અને હાલમાં સૂરતની લાજપોર જેલમાં રહેલા હાર્દિક પટેલને બપોરના ગાળામાં વિસનગર કોર્ટમાં રજૂ કરાયો ત્યારે હાર્દિકે ઉપવાસ પર બેઠેલા બે પાટીદારોને પારણા કરાવ્યા હતા. સાથે સાથે આંદોલનના સંદર્ભમાં વાત પણ કરી હતી. હાર્દિકે એમ પણ કહ્યું હતું કે, આંદોલનનો આગળ વધારવામાં આવશે. હાર્દિકે કહ્યું હતું કે, પાટીદાર સમુદાયના હિતમાં સરકાર નિર્ણય લેવા માંગે છે તો ચોક્કસપણે અમે આગળ આવીશું અને સરકારને સાથ આપીશું. વધુમાં હાર્દિક પટેલે પાટીદાર સમર્થકોને શાંતિ જાળવવાની અપીલ કરી હતી. સુરત જેલમાં વિઠ્ઠલ રાદડિયા સાથે વાતચીત પર કોઈ સ્પષ્ટ વાત તેણે કરી ન હતી. તે બાબતે તેણે ગોળ ગોળ વાતો કરી હતી અને કોઈ રદિયો આપ્યો ન હતો.

દરમિયાન હાર્દિક પટેલને

● અનુસંધાન પાન-૭ પર




આંદોલનમાં અસંમજસ - પાટીદાર આંદોલન વિચિત્ર વળાંક પર ઉભું છે... એક તરફ સમાધાનના જોરશોરથી પ્રયાસો ચાલે છે, બીજી તરફ ઉપવાસ આંદોલનનો વ્યાપ વિસ્તરતો જાય છે... અને ત્રીજી તરફ સરકાર અને સમાજના મોભીઓ અલગ-અલગ સમાધાનની દરખ્સાતો પર ચર્ચાઓ ચલાવી રહ્યા છે... ક્યારે, ક્યાં, કેટલું સમાધાન થશે, કેટલું સ્વીકારાશે એવી બંને પક્ષે અસમંજસતા અનુભવાય છે... આ બધાની વચ્ચે હજુ ઉપવાસ આંદોલન અલગ - અલગ સ્થાનો પર ચાલે છે...

# આંદોલન દરમિયાન જાહેર સંપત્તિને નુકસાનને મામલે સુપ્રીમ લાલઘૂમ

**હાર્દિક પટેલના મામલે સુનાવણી દરમિયાન કઠોર વલણ : આંદોલનકારીઓ દેશને બાનમાં લઇ શકે જ નહીં : જવાબદારી નક્કી કરવામાં આવે તે જરૂરી**

નવીદિલ્હી,તા. ૨૪

ગુજરાતમાં પાટીદાર અનામત આંદોલન નેતા હાર્દિક પટેલના મામલામાં સુનાવણી દરમિયાન આજે સુપ્રીમ કોર્ટે ખુબ જ કઠોર વલણ અપનાવ્યું હતું. આંદોલન દરમિયાન જાહેર સંપત્તિને થયેલા નુકસાન પર સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, આ મામલામાં તમામ માટે માર્ગદર્શિકા નક્કી કરવામાં આવે તે ખુબ જરૂરી છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે, આંદોલનકારીઓ દેશને બાનમાં લઈ શકે નહીં. કોર્ટનો આંદોલન દરમિયાન સંપત્તિને નુકસાન પહોંચાડવા માટે જવાબદારી નક્કી કરવા માટે નવા માપદંડ બનાવવા જોઈએ. આંદોલન દરમિયાન સંપત્તિને નુકસાન પહોચાડવા માટે ભાજપ, કોંગ્રેસ અથવા કોઈ પણ સંગઠનને જવાબદાર ઠેરવી શકાય છે. કોર્ટે પાટીદાર અનામત આંદોલનના લીડર હાર્દિક પટેલ દ્વારા ચલાવવામાં આવેલા આંદોલન દરમિયાન જાહેર સંપત્તિને થયેલા નુકસાન અંગે ચિંતા વ્યક્ત કરી હતી. અત્રે નોંધનીય છે કે, ગયા વર્ષે ઓગસ્ટ મહિનામાં પાટીદાર સમુદાયને અનામત આપવાની માંગણીને લઈને હાર્દિક પટેલના નેતૃત્વમાં તીવ્ર આંદોલન ચલાવવામાં આવ્યું હતું. આ ગાળા દરમિયાન ગુજરાતમાં ભારે હિંસા ભડકી ઉઠી હતી. હિંસા દરમિયાન ગુજરાતમાં જાહેર સંપત્તિને પણ ભારે નુકસાન થયું હતું. હાર્દિક પટેલ પર હાલમાં દેશદ્રોહનો મામલો ચાલી રહ્યો છે. હાર્દિક હાલ જેલમાં છે.

સુપ્રીમ કોર્ટે કહ્યું હતુ કે, આવા જંગી આંદોલનના પરિણામ સ્વરુપે સામાન્ય લોકોને ખુબ તકલીફ પડે છે. સુપ્રીમે કહ્યું હતું કે, ભાજપ, કોંગ્રેસ અથવા અન્ય કોઇ સંગઠનને હિંસા દરમિયન સંપત્તિના નુકસાન માટે જવાબદાર ઠેરવી શકાય છે. જસ્ટિસ જેએસ ખેહરના નેતૃત્વમાં બેંચે જાહેર સંપત્તિને નુકસાન મામલે ચિંતા વ્યક્ત કરી હતી.

સુપ્રીમ કોર્ટે કહ્યું હતુ કે, જવાબદારી નક્કી કરવા માટે માપદંડો બેસાડવા જોઇએ. જસ્ટિસ સી નાગપ્પનની બનેલી બેંચે કહ્યું હતુ કે, આ પ્રકારની હિંસક ગતિવિધિમાં સામેલ લોકો સામે કઠોર પગલા લેવા માટે માર્ગદર્શિકા તૈયાર કરવી જોઇએ. આ મહિનાની શરૂઆતમાં પટેલ ક્વોટા આંદોલન લીડર હાર્દિક પટેલે કહ્યું હતુ કે, તેને જામીન મળશે તો આંદોલનને આગળ વધારવામાં આવશે.

# રાદડિયાની ભૂમિકા નિર્ણાયક બનશે

**રાદડિયા અને હાર્દિક પટેલની મુલાકાત બાદ પાટીદાર અનામત આંદોલન પાછુ ખેચાય તેવા સાફ સંકેત : મુખ્યમંત્રી-ભાજપ પ્રદેશ પ્રમુખને મળી વિઠ્ઠલ રાદડિયાએ માહિતી આપી : આંદોલન વેળાના બધા કેસો પાછા ખેંચાશે**

અમદાવાદ, તા.૨૪

રાજયમાં છેલ્લાં કેટલાક સમયથી ચાલતા પાટીદાર અનામત આંદોલનનો અંત લાવવાના પ્રયાસરૂપે રાજય સરકારના દુત બનીને સુરતની જેલમાં હાર્દિક પટેલને મળીને આવેલા ભાજપના સાંસદ વિઠ્ઠલ રાદડીયાએ આજે મુખ્યમંત્રી આનંદીબેન પટેલ તથા ભાજપના પ્રદેશ પ્રમુખ વિજય રૂપાણીને મળીને પાટીદારોની માંગણીથી વાકેફ કર્યા હતા. પાટીદારોને હાલ અનામતનો લાભ ન મળી શકે તો ખાસ આયોગ રચી સમાધાનનો રસ્તો કાઢવાની દિશામાં સરકાર અને આંદોલનકારોએ હકારાત્મક વિચારણા શરૂ કરી છે. આજની સ્થિતિ જોતા પાટીદાર અનામત આદોલન સમાપન તરફ જઈ રહ્યું છે.

વિઠ્ઠલભાઈએ આનંદીબેન સાથે કરેલ ચર્ચામાં પાટીદારો કોઈ કાર્યક્રમ કરવા ઈચ્છે તો મંજુરી આપવી, પાટીદારો માટે અને જો તે શક્ય ન હોય તો સમસ્ત સર્વણ વર્ગ માટે ખાસ આયોગ રચવું વગેરે માંગણીઓનો સમાવેશ થાય છે. આ માંગણીઓ અંગે મુખ્યમંત્રીએ હકારાત્મક પ્રતિસાદ આપ્યો હતો. પાટીદારો અનામતની માગણી આંદોલન સિવાયના સ્વરૂપે ચાલુ રાખશે પરંતુ અનામત ન મળે ત્યાં સુધી ખાસ આયોગ રચી યુવાનોને તાલુકા મથક સુધી ઉચ્ચ શિક્ષણ અને રોજગારીની સુવિધા મળે તેવી માગણી કરવામાં આવી છે. સરકારે પણ આ દિશામાં રસ દાખવ્યો છે. આનંદીબેન સાથે થયેલી વાતચીત વિઠ્ઠલભાઈ હાર્દિકને પહોંચાડશે. હાર્દિકના ટેકેદાર નિર્ણાયક અગ્રણીઓ સાથે સુરતમાં ટૂંક સમયમાં બેઠક થશે. જેમાં સરકારે જે માંગણીઓ સ્વીકારવા તૈયારી બતાવી છે. તેના બાબતે ચર્ચા કરી આંદોલનના ભવિષ્ય અંગે આખરી નિર્ણય થશે. વિઠ્ઠલભાઈની સાથે મહેશભાઈ સવાણી, મુકેશભાઈ પટેલ, બટુકલાલ મોવલીયા વગેરે હાજર રહ્યા હતા.


**Kadi Sarva Vishwavidyalaya**
Cordially invites you to the



Inaugural Lecture of
"Shri Maneklal M. Patel Memorial Lecture Series"
on 26th February 2016 at 10.00 a.m.
at Conference Hall, LDRP Institute of Technology and Research
Besides ITI, Nr. KH 5 Circle, Sector-15, Gandhinagar.
Topic : **Indian in Space Science**
Speaker : **Padmashri Dr. A. S. Kirankumar**
Chairman, Indian Space Research Organisation

**ઓફીસ બોય / એકાઉન્ટન્ટ જોઈએ છે**
● ટેલી પ્રોગ્રામ ● બેન્કીંગ કામકાજ
જાણકારને પ્રથમ પસંદગી
સંપર્ક : ૯૮૨૪૧ ૬૦૩૦૦
Send Application on E-mail
hkpatel60300@gmail.com

**Galaxy BPM**
Required
Freshers & Experienced
Candidates with Excellent
Fluency in English for
US Process (Night Shift).
Attractive Salary
Incentives
+
Food Allowance
079 - 30252792,65442792
(10 am - 6 pm)

**હોટલ પથિકાશ્રમ**
**પાર્ટી પ્લોટ**
લગ્ન પ્રસંગ તથા શુભ પ્રસંગોની ઉજવણી માટેનું ઉત્તમ સ્થળ
• ગુજરાતી થાળી • મલ્ટી ક્યુઝન રેસ્ટોરન્ટ
• કાફે (24x7) • બેન્કવેટ્સ • રૂમ્સ (A.C/Non A.C)
98258 01780/82